RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 99 * Date: 29.01.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## દુનિયાની ટોપ ૧૦ શક્તિશાળી એરફોર્સનું રેન્કિંગ જાહેર, જાણો ભારત અને પાકિસ્તાનનું સ્થાન ક્યાં છે



દુનિયાના ૧૦ સૌથી શક્તિશાળી એરફોર્સનું રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું છે. ગ્લોબલ ફાયર પાવર ડોટ કોમ વેબસાઈટે આ રિપોર્ટ જાહેર કર્યો છે. આ રેન્કિંગ માટે દેશો પાસે રહેલા કુલ એરક્રાફ્ટ, ફાઈટર જેટ, હેલિકોપ્ટર અને સપોર્ટ એરક્રાફ્ટને આધાર ગણવામાં આવ્યા છે. અહીં ખાસ વાત એ છે કે ઈન્ડિયન એરફોર્સનો ટોપ-૫માં સમાવેશ કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, આ રેન્કિંગમાં અમેરિકન એરફોર્સ દુનિયાની સૌથી મજબૂત એરફોર્સ તરીકે ટોચના સ્થાન પર છે. કારણ કે રિપોર્ટમાં અમેરિકન એરફોર્સની ક્ષમતાને રશિયા, ચીન, ભારત, દક્ષિણ આફ્રિકા અને જાપાનની સંયુક્ત એરફોર્સ કરતા પણ વધુ શક્તિશાળી માનવામાં આવી છે. ત્યારબાદ રશિયા અને ચીન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. ઈન્ડિયન એરફોર્સ ચોથા સ્થાને અને દક્ષિણ કોરિયા પાંચમાં સ્થાને છે, જ્યારે જાપાન એરફોર્સ છઠ્ઠા ક્રમે છે. દુનિયાની ટોપ ૧૦ શક્તિશાળી એરફોર્સનું રેન્કિંગ જાહેર, જાણો ભારત અને પાકિસ્તાનનું સ્થાન ક્યાં છે ૨ - ૈદ્ધક્ષ્રીચાઈનીઝ એરફોર્સ ત્રીજા સ્થાને

અમેરિકન એરફોર્સ પાસે કુલ ૧૩૦૪૩ એરક્રાફ્ટ છે. જેમાં ૫૭૩૭ હેલિકોપ્ટર, ૧૮૫૪ ફાઈટર જેટ અને ૩૭૨૨ સપોર્ટ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે. તેનું વાર્ષિક બજેટ ૮૦૦ બિલિયન અમેરિકન ડોલર છે, જે વૈશ્વિક સૈન્ય ખર્ચના આશરે ૪૦ ટકા જેટલું છે. રશિયાની એરફોર્સ અમેરિકાની એરફોર્સના ત્રીજા ભાગ જેટલી છે. રશિયા પાસે કુલ ૪૨૯૨ એરક્રાફ્ટ છે, જેમાં ૮૦૯ ફાઈટર જેટ, ૧૫૫૪ હેલિકોપ્ટર અને ૬૧૦ સપોર્ટ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે. ત્રીજા સ્થાને રહેલા ચીન પાસે કુલ ૩૩૦૯ એરક્રાફ્ટ છે. જેમાં ૯૧૩ હેલિકોપ્ટર, ૧૨૧૨ ફાઈટર જેટ ચાઈનીઝ એરફોર્સ પાસે છે. કુલ ૨૨૨૯ એરક્રાફ્ટ સાથે ઈન્ડિયન એરફોર્સ દુનિયાની ચોથી સૌથી શક્તિશાળી એરફોર્સ છે. ઈન્ડિયન એરફોર્સ પાસે ૫૩ ફાઈટર જેટ, ૮૯૯ હેલિકોપ્ટર અને ૮૩૧ સપોર્ટ એરક્રાફ્ટ છે. પાંચમાં સ્થાન પર દક્ષિણ કોરિયા છે જેની પાસે કુલ ૧૫૯૨ એરક્રાફ્ટ છે. જ્યારે છઠ્ઠા સ્થાન પર રહેલા જાપાનની એરફોર્સ પાસે કુલ ૧૪૪૩ એરક્રાફ્ટ છે.

ભારતના દુશ્મન દેશ પાકિસ્તાનની એરફોર્સ ઈન્ડિયન એરફોર્સ કરતા ઘણી પાછળ છે. પાકિસ્તાન ફાયર પાવર રેન્કિંગમાં ભારતથી ત્રણ સ્થાન નીચે સાતમાં સ્થાન પર છે. અ સિવાય પાકિસ્તાન એરક્રાફ્ટની સંખ્યામાં પણ ભારત કરતાં ઘણું પાછળ છે. પાકિસ્તાન પાસે કુલ ૧૩૯૯ એરક્રાફ્ટ છે. જેમાં ૩૨૮ ફાઈટર જેટ, ૩૭૩ હેલિકોપ્ટર અને ૭૫૦ સપોર્ટ એરક્રાફ્ટ છે. આ પછી રેન્કિંગમાં ઈજીપ્ત છે જેની પાસે કુલ ૧૦૯૯ એરક્રાફ્ટ છે.

## ભાજપનું સપનું રોળાશે! નીતિશ કુમારના નવા પ્લાનથી બિહારના રાજકારણમાં હલચલ તેજ



નીતિશ કુમાર પછી તે વ્યક્તિનું નામ નિશાંત કુમાર છે જેની બિહારના રાજકારણમાં આ દિવસોમાં સૌથી વધુ ચર્ચા નીતિશ કુમાર બાદ તેમના પુત્ર નિશાંત કુમારની જ થઈ રહી છે. નિશાંત કુમારના રાજકારણમાં પ્રવેશને લઈને રાજકીય બજાર ગરમ છે. એવી ચર્ચા છે કે નીતિશ કુમાર પોતાના પુત્રને પોતાનો રાજકીય ઉત્તરાધિકારી બનાવવાની યોજના પર કામ કરી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર નિશાંત કુમાર હોળી પછી સક્રિય રાજકારણમાં જોડાઈ શકે તેવી સંભાવનાઓ છે. ૮ જાન્યુઆરીએ નિશાંત કુમાર તેમના પિતા સાથે સ્વતંત્રતા સેનાનીઓની પ્રતિમાઓના અનાવરણ કાર્યક્રમ માટે તેમના વતન ગામમાં આવ્યા હતા. જ્યાં તેમણે પહેલીવાર મીડિયા સાથે વાત કરતા રાજકીય નિવેદન પણ આપ્યું હતું. નિશાંત કુમારે જનતાને વિધાનસભા ચૂંટણીમાં પિતાને સમર્થન આપવાની અપીલ કરતા કહ્યું હતું કે, 'નવા વર્ષમાં ચૂંટણી છે તો લોકોએ મારા પિતા અને તેમની પાર્ટીને મત આપવો જોઈએ અને તમે તેમને સરકારમાં પાછા લાવીને સારું કામ કરશો.' અહીંથી તેમના રાજકારણમાં પ્રવેશની અટકળોએ જોર પકડ્યું હતું.રાજકીય વર્તુળોમાં એવી પણ વાતો થઈ રહી છે કે બદલાતા સમયની સાથે નીતિશ કુમાર પોતાનો રાજકીય વારસો સુરક્ષિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેનું સૌથી મોટું કારણ ભાજપ છે. બિહારમાં ભાજપની વધતી શક્તિથી પરેશાન નીતિશ કુમાર ત્નદ્ભેંના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે એક સાહસિક પગલું ભરવા માંગે છે. જેથી બિહારમાં સરકાર બનાવવાનું ભાજપનું સપનું એક સપનું જ રહી જાય.ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જેમ રાજનીતિમાં પણ પરિવારવાદ નવી વાત નથી. ઉત્તર પ્રદેશ અને બિહારના યાદવ પરિવારોથી માંડીને મહારાષ્ટ્રના ઠાકરે પરિવાર સુધી, પ્રાદેશિક પક્ષો તેમનું સાતત્ય જાળવવા માટે પરિવારના નેતૃત્વ પર આધાર રાખે છે.

## દિલ્હીમાં મતદાન પહેલા રામ રહીમને પેરોલ: ૩૦ દિવસ સિરસા કેમ્પમાં રહેશે



હરિયાણામાં સ્થાનિક અને દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા ડેરા સચ્ચા સૌદાના વડા રામ રહીમને ૩૦ દિવસની પેરોલ મળ્યા છે. મંગળવારે (૨૮ જાન્યુઆરી) સવારે ૬ વાગ્યે, તે રોહતકની સુનારિયા જેલમાંથી બહાર આવ્યો હતો.વર્ષ ૨૦૧૭માં સાધ્વીઓના યૌન શોષણ અને હત્યાના કેસમાં દોષિત જાહેર થયા બાદ રામ રહીમ ૧૨મી વખત જેલમાંથી બહાર આવ્યો છે. આ પહેલા તે ૧૧ વખત ઉત્તરપ્રદેશના બરનાવા આશ્રમમાં રહ્યો હતો. આ વખતે તેને સિરસા કેમ્પમાં રહેવાની મંજુરી મળી છે.દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ વિધાનસભા ચૂંટણી માટે મતદાન થશે. પરિણામ ૮મી ફેબ્રુઆરીએ આવશે. આ પછી માર્ચના પહેલા સપ્તાહમાં હરિયાણામાં ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૩૨ કાઉન્સિલમાં ચૂંટણી યોજાઈ શકે છે.

રામ રહીમે સપ્ટેમ્બર ૨૦૨૪માં હરિયાણા ચૂંટણી વચ્ચે સરકાર પાસે ઈમરજન્સી પેરોલની માંગ કરી હતી. રામ રહીમે જેલ વિભાગને અરજી કરી હતી અને ૨૦ દિવસના પેરોલની માંગણી કરી હતી. આ દરમિયાન તેણે ઉત્તર પ્રદેશના બરનવા આશ્રમમાં રહેવાની વાત કરી હતી. વિધાનસભા ચૂંટણી માટે આચારસંહિતા લાગુ થવાને કારણે સરકારે રામ રહીમની અરજી મુખ્ય ચૂંટણી અધિકારીને મોકલી હતી.

મુખ્ય ચૂંટણી અધિકારીએ રાજ્ય સરકારને એક પત્ર પણ લખીને પેરોલ અંગે પ્રશ્નો પૂછ્યા હતા, જો કે, રામ રહીમની પેરોલ ૧ ઓક્ટોબરે મંજૂર કરવામાં આવી હતી.

## દિલ્હીમાં ૪ માળની ઈમારત ધરાશાયી, ૨ લોકોના મોત:૧૨ને બચાવાયા

દિલ્હીના બુરારી વિસ્તારમાં સોમવારે સાંજે ૬.૩૦ કલાકે ૪ માળની ઈમારત ધરાશાયી થઈ હતી. આ ઘટનામાં ૨ લોકોના મોત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર ૧૨ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.પોલીસે કહ્યું કે કાટમાળ નીચે હજુ પણ વધુ લોકો ફસાયેલા હોઈ શકે છે. દિલ્હી પોલીસ, ફાયર બ્રિગેડ, ડીડીએમએ અને એનડીઆરએફની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે.પોલીસના જણાવ્યા અનુસાર બુરારીમાં ઓસ્કર પબ્લિક સ્કૂલ પાસે એક નવી ઈમારત બની રહી હતી. કાટમાળ નીચે દટાયેલા મોટા ભાગના મજૂરો છે.ઘટના પર દિલ્હીના સીએમ આતિશીએ પોતાની પોસ્ટમાં કહ્યું- બુરારીમાં બિલ્ડિંગ ધરાશાયી થવાની આ ઘટના ખૂબ જ દુઃખદ છે. અસરગ્રસ્તોને તમામ શક્ય મદદ પૂરી પાડવામાં આવશે.આ દરમિયાન બીજેપી સાંસદ મનોજ તિવારી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમણે કહ્યું હતું કે તેમાં કોઈ શંકા નથી કે આ એક મોટી બેદરકારી છે. જે પણ જવાબદાર હશે તેને છોડવામાં આવશે નહીં.સ્થળ પર હાજર એક વ્યક્તિએ કહ્યું કે મારા બે સંબંધીઓ કાટમાળ નીચે ફસાયેલા છે. તેમાંથી એક મારો ભાઈ છે. મને માહિતી મળી હતી કે ૮ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે હું હોસ્પિટલ પહોંચ્યો ત્યારે મારો ભાઈ ત્યાં મળ્યો ન હતો. પછી અહીં આવ્યો. હું બંને સુરક્ષિત રીતે બહાર આવે તેની રાહ જોઈ રહ્યો છું.

## ૧૯૪૮થી અત્યાર સુધી ૬૦ લાખ લોકોનું પલાયન, હવે ફરી ગાઝાના લોકોને અરબ દેશોમાં ટ્રાન્સફર કરવા માંગે છે ટ્રમ્પ



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં ગાઝાથી પેલેસ્ટિનિયન શરણાર્થીઓને જોર્ડન, ઈજિપ્ત અને અન્ય અરબ દેશોમાં ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે પેલેસ્ટિનિયનો શાંતિથી રહી શકે તે માટે અન્યત્ર આવાસો બનાવવાનું સૂચન આપ્યું છે. ટ્રમ્પ ઈચ્છે છે કે યુદ્ધગ્રસ્ત વિસ્તારને સાફ કરવામાં આવે અને વસ્તીને ખાલી કરી દેવામાં આવે. પરંતુ ટ્રમ્પનું આ સૂચન કેટલું યોગ્ય છે અને તેની ગાઝા અને આરબ દેશો પર શું અસર પડશે.ગાઝા ૧૫ મહિનાથી ચાલી રહેલા ભીષણ ઈઝરાયલી હુમલાઓથી તબાહ થઈ ગયું છે. આ વચ્ચે ટ્રમ્પનો પ્રસ્તાવ ન માત્ર ગાઝાના ૨.૩ મિલિયન પેલેસ્ટિનિયનોને પોતાના ઘરમાંથી બહાર કાઢવાની શક્યતાને વધારે છે પરંતુ તે અરબ દેશોને પણ ચિંતામાં મૂકે છે.૧૯૪૮માં ઈઝરાયલની સ્થાપના બાદ લગભગ ૬૦ લાખ પેલેસ્ટિનિયનો પલાયન કરી ગયા હતા. તે સમયે ઘણા લોકો જોર્ડન, સીરિયા અને લેબનોન જેવા પડોશી અરબ દેશોમાં આશ્રય લેવા ગયા હતા. ઘણા લોકો હજુ પણ શરણાર્થી કેમ્પમાં જ રહી રહ્યા છે. આ દુઃખદ ઈતિહાસને જોતાં ગાઝાના લોકો કોઈપણ પ્રકારના નવા પલાયનથી ભયભીત છે, જે તેમને ફરીથી કાયમ માટે બેઘર કરી શકે છે.૧૯૬૭ના મિડલ ઈસ્ટના યુદ્ધમાં જ્યારે ઈઝરાયલે વેસ્ટ બેંક અને ગાઝા પટ્ટી પર કબજો કરી લીધો હતો ત્યારે ૩ લાખથી વધુ પેલેસ્ટિનિયનો ફરીથી પોતાના ઘર છોડવા માટે મજબૂર બન્યા, જેમાંથી મોટાભાગના જોર્ડન ગયા. ગાઝા છોડીને અરબ દેશોમાં ગયેલા લોકોની સંખ્યા ૬૦ લાખ છે, જેમાંથી મોટાભાગના લોકો વેસ્ટ બેંક, ગાઝા, લેબનોન, સીરિયા અને જોર્ડનમાં કેમ્પ અને સમુદાયોમાં રહે છે.આ વખતે ગાઝામાં ઈઝરાયે હુમલામાં મોટાભાગના શહેરી વિસ્તારોને નષ્ટ કરી દીધા. પેલેસ્ટિનિયન અને સંયુક્ત રાષ્ટ્રના અધિકારીઓનું કહેવું છે કે, હવે ગાઝામાં સુરક્ષિત સ્થળો નહીવત્ પ્રમાણમાં છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યા આ સંકટ વધુ ઘેરુ બન્યું છે. આ હુમલાના જવાબમાં ઈઝરાયલે અત્યાર સુધીમાં ગાઝામાં ૪૭,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનોનો જીવ લીધો છે.

## જામનગરમાં ૨૦૧૯ બાદ ફરી કોંગો ફીવરે માથું ઉંચક્યું, આધેડના મોતથી આરોગ્ય તંત્રમાં દોડધામ

જામનગરમાં ફરી કોંગો રોગનો વાયરસ દેખાતાં ફફડાટ વ્યાપી ગયો છે. જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષિય એક આધેડનું કોંગો ફીવરને કારણે મૃત્યુ થતાં આરોગ્યતંત્રમાં દોડદામ વ્યાપી ગઈ હતી. આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ પંચેશ્વર ટાવરના ભરવાડ પાડામાં રહેતા મોહનભાઈ મેરૂભાઈ કટોરિયા નામના ૫૦ વર્ષીય આધેડને તાવ આવતાં તેમને જામનગરની ગુરૂ ગોવિંદસિંઘ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને તેમનું સોમવારે સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ હતું. તેમના વિવિધ રિપોર્ટસ કરાવવામાં આવ્યા હતાં. જેમાં કોંગો ફીવર પોઝીટીવ હોવાનું જણાઈ આવ્યું હતું. જે કોંગો ફીવર રિપોર્ટ બાદ જામનગર મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ આજે હરકતમાં આવ્યું હતું અને સંક્રમિત દર્દીના રહેણાંક વિસ્તારમાં દવાના છંટકાવ તેમજ સર્વે સહિતની કામગીરી હાથ ધરી હતી.જામનગરમાં ક્રિમિઅન-કોંગો હેમરેજિક ફીવરનો પ્રથમ કેસ વર્ષ ૨૦૧૯માં નોંધાયો હતો. જેમાં સરકારી હોસ્પિટલના રેસીડેન્ટ મહિલા તબીબને કોંગો થયો હતો હવે ફરી પાંચ વર્ષ બાદ કોંગો વાયરસે દેખાતાં શહેરીજનોમાં ભારે ગભરાટનો માહોલ પ્રહરી ગયો છે.

## તંત્રી લેખ....

# ફેડરલની બેઠક પૂર્વે ક્રિપ્ટો માર્કેટમાં કડાકો બિટકોઈને એક લાખ ડોલરની સપાટી ગુમાવી

મુંબઈ : અમેરિકન ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કેટ કમિટિ (એફઓએમસી)ની આવતીકાલથી શરૂ થઈ રહેલી બે દિવસની બેઠક પૂર્વે બિટકોઈનની આગેવાની હેઠળ ક્રિપ્ટોકરન્સીસમાં મોટુ ધોવાણ જોવા મળ્યું હતું. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાગ્રહણ કર્યા બાદ કમિટિની આ પ્રથમ બેઠક છે.મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન ફરી પાછો એક લાખ ડોલરની અંદર સરકી ગયો હતો. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસમાં પણ મોટા ગાબડા જોવા મળ્યા હતા. અમેરિકામાં આર્થિક ડેટા મજબૂત આવતા કમિટિ વ્યાજ દરમાં ઘટાડો કરવામાં ધીમી ગતિએ આગળ વધશે તેવી શકયતા જોવાઈ રહી છે. વ્યાજ દરમાં કપાત લંબાઈ જવાની સ્થિતિમાં બજારનું માનસ ખરડાઈ શકે છે, તેવી ગણતરીએ સોમવારે સપ્તાહના પ્રથમ દિવસે બિટકોઈનમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. સોલાના, ડોજકોઈન, એકસઆરપીમાં તો દસ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

ભાવમાં મોટા ગાબડાં પડતા ઊંચા મથાળે ઊભા કરાયેલા લેણનું ફરજિયાત લિક્વિડેશન કરાયાના અહેવાલ હતા. અંદાજે ૭૭ કરોડ ડોલરનું લેણ લિક્વિડેટ કરાયું હોવાનું અહેવાલમાં જણાવાયું હતું. મોડી સાંજે બિટકોઈન ૯૯૦૦૦ ડોલર, એથરમ ૩૦૬૬ ડોલર, એકસઆરપી ૨.૮૦ ડોલર બોલાતા હતા. ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ ઘટી ૩.૩૬ ટ્રિલિયન ડોલર પર આવી ગઈ હતી. ગયા સપ્તાહમાં બિટકોઈન ૧,૦૯,૦૦૦ ડોલરથી ઉપર જઈ ઓલટાઈમ હાઈ જોવા મળ્યો હતો.

# લેઉઆ પટેલ સમાજની બે ટકાની ટપોરી ગેંગ હવનમાં હાડકાં નાંખે છેઃ રાદડિયાએ ઊભરો ઠાલવ્યો



જામકંડોરણામાં પ્રજાસત્તાક પર્વના દિવસે યોજાયેલા ૫૧૧ દિકરીઓના સમુહ લગ્ન પ્રસંગે વધુ એક વાર, ભાજપના ધારાસભ્ય, રાજ્યના પૂર્વ મંત્રી જયેશ રાદડિયાએ ખોડલધામના ચેરમેન નરેશ પટેલનું નામ ઉચ્ચાર્યા વગર તેમના પર નિશાન તાકીને ઉભરો ઠાલવ્યો હતો અને કહ્યું કે, 'અમારા સમાજના બે-પાંચ ટકા લોકોની ટપોરી ગેંગ હવનમાં હાડકાં નાંખે છે અને સોશ્યલ મીડિયા પર આ ટોળકી મને પાડી દેવાના પ્રયાસો કરે છે.'

પાટીદર અગ્રણીઓ સહિત વિશાળ, મેદનીને તેમણે જણાવ્યું કે આપણા સમાજની બે ટકાની ટપોરી ગેંગ જ્યાં સારુ કામ સમાજ માટે થતું હોય ત્યાં હવનમાં હાડકા નાંખવાનું કામ કરી રહી છે. મોબાઈલમાં કોઈ પણ સારુ કામ થતું હોય તો ખરાબ કોમેન્ટ લખીને લેઉઆ પટેલ સમાજને કેદ કરવાનું કામ પણ આ ટોળકી કરી રહી છે.

આ અંગે વધુમાં જયેશ રાદડિયાએ કહ્યું કે, 'હું રાજકીય માણસ છે પણ હું સમાજનું કામ પણ કરું છું. એ ટોળકીના લોકો રાજનીતિમાં નથી છતાં આજે પણ એક યા બીજી રીતે સમાજની અંદર રાજનીતિ કરી રહ્યા છે. મારે લેઉઆ પટેલ સમાજનો નેતા ક્યારેય થવું નથી. મને પાડી દેવાના કાયમી પ્રયાસો થાય છે. આ ટોળકીના લોકો સુધરશે તેવી આશા ખોટી ઠરી છે. મારા સમાજના લોકો જ અહીં આટલી મેદની ભેગી થાય ત્યારે મને કેમ પાડી દેવો તેના ચોગઠાં ગોઠવાય છે.'

આ નિવેદનના પગલે પાટીદારના બે નેતાઓ વચ્ચેનો ખટરાગ ચરમસીમાએ પહોંચ્યાનું બહાર આવ્યું છે. ઉલ્લેખનીય છે કે નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે સમાધાન કરાવવા દિલિપ સંઘાણીએ અગાઉ પ્રયાસો કર્યા હતા જે નિષ્ફળ રહ્યા છે. જો કે રાદડિયા આ વખતે પણ કોઈ નેતાનું નામ ઉચ્ચારવાની હિંમત કરી શક્યા નથી. તો રાજકોટમાં એક પાટીદાર નેતાએ જયેશ રાદડિયાને ભાજપના જ નેતાઓ પાડી દેવાના પ્રયાસો કરી રહ્યાનું જણાવ્યું હતું. તો સમાજના નેતાને ટપોરી ગેંગ કહીને વખોડનાર રાદડિયા પોતે પાયલ ગોટીના મુદ્દે કેમ ચૂપ રહ્યા હતા તે સવાલ પણ સમાજમાં ઉઠ્યો છે.

# ચીનમાંથી ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત એપ્રિલ-ડિસેમ્બરમાં સાત વર્ષની ટોચે

અમદાવાદ : વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિના દરમિયાન ચીનમાંથી ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત સાત વર્ષના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઈ છે. વિશ્વના ટોચના સ્ટીલ ઉત્પાદક ચીને એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન ભારતને ૨૧ લાખ મેટ્રિક ટન ફિનિશ્ડ સ્ટીલ મોકલ્યું હતું, જે વાર્ષિક ધોરણે ૧૩.૩ ટકા વધુ છે.

આ સમયગાળા દરમિયાન બેઈજિંગ ભારતમાં ફિનિશ્ડ સ્ટીલનો ટોચનો નિકાસકાર રહ્યો હતો. ભારતની કુલ ફિનિશ્ડ સ્ટીલની આયાતમાં ચીન, દક્ષિણ કોરિયા અને જાપાનના શિપમેન્ટનો હિસ્સો ૭૯ ટકા હિસ્સો હતો. એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન ભારતમાં દક્ષિણ કોરિયાની ફિનિશ્ડ સ્ટીલની નિકાસ વાર્ષિક ધોરણે ૭.૨ ટકા વધીને ૨૧ લાખ મેટ્રિક ટનની પાંચ વર્ષની ટોચે પહોંચી હતી, તેમ ડેટા દર્શાવે છે. જાપાનની ફિનિશ્ડ સ્ટીલની ભારતમાં નિકાસ વાર્ષિક ધોરણે લગભગ બમણી થઈને ૧૬ લાખ મેટ્રિક ટન પર સાત વર્ષની ટોચે પહોંચી છે.

વિશ્વના બીજા સૌથી મોટા ક્રૂડ સ્ટીલ ઉત્પાદક ભારતની એકંદરે ફિનિશ્ડ સ્ટીલની આયાત એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન છ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હતી. આ સ્થિતિને જોતા બેલગામ સ્ટીલની આયાતને ઘટાડવા માટે સેફગાર્ડ ડ્યુટી અથવા કામચલાઉ ટેક્સ લાદવાની વિચારણા ભારત સરકાર કરી રહી છે.

ભારતના ફિનિશ્ડ સ્ટીલ પ્રોડક્ટો માટે ઇટાલી સૌથી મોટું નિકાસ બજાર હતું. જોકે શિપમેન્ટમાં ૩૮.૮ ટકાનો ઘટાડો થયો છે.

# અમે સેવા નહિ પ્રેમ કરીએ છીએ.....અન્યને સુખી કરશો, તો તમે પણ સુખી બનશો.... નો જીવન મંત્ર સેવા, સાદગી, સમર્પણનો ત્રિવેણી સંગમ એટલે સુરેશભાઈ સોની

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના રાજેન્દ્રનગર ખાતે સહયોગ કુષ્ઠયજ્ઞ સંસ્થામાં ૧૦૫૪ લોકો વસે છે. સમાજ પરિવાર દ્વારા તડછોડાયેલા કુષ્ઠ રોગી, મંદબુદ્ધિના લોકોનું આશ્રય સ્થાન એટલે સહયોગ સંસ્થા. અમે સેવા નહિ પ્રેમ કરીએ છીએ..... આ સહયોગ સંસ્થાના સ્થાપક એટલે સુરેશભાઈ સોની. જેમણી સેવાને સન્માનિત કરવા માટે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ દેશના સર્વોચ્ચ સન્માન જાહેર થયા જેમાં એક નામ સામાજિક સેવક એવા સુરેશભાઈ સોની જેમણે પધ્મ શ્રી એવોર્ડ માટે પસંદગી કરાઇ છે. જેની જાણ થતા જ સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી છવાઇ છે. હાલમાં સુરેશભાઇ સોનીની તબીયત નાદુરસ્ત છે ત્યારે તેમના ધર્મપત્નિ શ્રીમતિ ઇંદિરાબેન સોની જણાવે છે કે, ૧૯૬૬માં વડોદરામાં ઝુંપડપટ્ટીમાં કુષ્ટ રોગીઓની સેવા શરૂ કરી ૧૯૭૦માં શ્રમ મંદિરમાં જોડાયા હતા. ત્યાર બાદ તેઓ ૧૯૮૮માં વડોદરાથી સાબરકાંઠા જિલ્લામાં આવી પોતાના સેવા કાર્યોની શરૂઆત કરી પોતાની કર્મભૂમિ બનાવી છે.



હિંમતનગર નજીક આવેલા રાજેન્દ્રનગર પાસે ૩૧ એકર જમીન દાન આપનાર રામુભાઈ પટેલ અને નડીયાદના સંતરામ મહરાજના સહયોગ થી શરૂ કરાયેલ સેવા યજ્ઞ એટલે સહયોગ કુષ્ઠયજ્ઞ સંસ્થા. આ સેવા યજ્ઞમાં તેમના પત્ની ઈન્દીરાબેન સોની પહેલા દિવસથી પડછાયાની જેમ જોડાયેલા છે. આજે સમાજ સેવાને ૫૪ વર્ષ જેટલો સમય થયો છે. હાલ સુરેશ સોની ૮૦ વર્ષની વય ધરાવે છે સાબરકાંઠાના અલગ અલગ વિસ્તારમાંથી ૪૦૦ જેટલા આદિવાસી બાળકો આ સંસ્થામાં અભ્યાસ કરે છે. મંદબુદ્ધિના ૨૫૦ જેટલા ૧૮ વર્ષથી મોટી ઉમરના ભાઈઓને રાખવામાં આવે છે. તેમજ ૮ વરસથી મોટી ઉમરની ૧૮૬ દીકરીઓ અહી રહે છે. માનસિક બીમાર ભાઈઓ અને બહેનોને રાખીને દવા કરાવવામાં આવે છે સારા થાય છે ત્યારબાદ તેમને તેમના ઘરે મુકવામાં આવે છે. સુરેશભાઈએ ક્યારે પદ્મશ્રી મળે તેવી આશા રાખી નથી.સુરેશભાઈની તબિયત નાદુરસ્ત છે. છેલ્લા બે મહિનાથી જમવાનું બંધ છે. માત્ર લીક્વીડ પર હોવાને લઈને અશક્ત છે જેને લઈને બેડ રેસ્ટ પર છે. દવા ચાલી રહી છે. સુરેશભાઇ આ સંસ્થામાં પોતાના લોકો વચ્ચે મૃત્યુ ઈચ્છે છે માટે છેલ્લા છ માસ થી આ સંસ્થાની બહાર નિકળ્યા નથી. સુરેશભાઇ વિશે જણાવતા તેમના પત્નિ ગૌરવભેર કહે છે કે, સુરેશભાઇ માતા-પિતાના પાંચમા સંતાન છે. તેમણે એમ.એસ.સી. ગોલ્ડ મેડાલિસ્ટ થઈ પ્રોફેસરની નોકરી શરૂ કરી હતી. પરંતુ બાળપણમાં પોતાના માતા-પિતા અને ગુરુ શ્રી જોષી સાહેબ દ્વારા મળેલા સંસ્કારો અને લોકસેવાની ભાવનાએ પ્રોફેસરની નોકરી છોડી સમાજ સેવાની શરૂઆત કરી હતી. ગાંધી વિચારોને વરેલા સુરેશભાઇએ ક્યારે પાછુ વળી જોયુ નથી. સત્કાર્યો માટે ક્યારે કોઈની સામે હાથ ફેલાવો પડ્યો નથી. દાનવીરો સામેથી દાન આપે છે. આ સંસ્થા માટે દાન આપનાર આ સેવામાં કોઇ ને કોઇ રીતે મદદ કરનાર સૌ મિત્રો, પરીજનો શુભ ચિંતકોનો તેઓ આજે ખુબ ખુબ આભાર માની રહ્યા છે.

સુરેશભાઈ સોનીને પદ્મશ્રી આપવાની જાહેરાત થયા સુરેશભાઈ અને તેમના પરીજનોએ રાષ્ટ્રપતિ અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો.

અત્યાર સુધીમાં આ સંસ્થાને અને સુરેશભાઇને તેમની સેવા બદલ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના ૬૪ જેટલા એવોર્ડ મળ્યા છે. પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ શ્રી ડો. એ.પી.જે.અબ્દુલ કલામ અને વર્તમાન વડાપ્રધાન શ્રી મોદીના વરદ હસ્તે સન્માન સ્વીકારવાનો અવસર શ્રી સુરેશભાઇને સાંપડ્યો છે.

ઢીંચણ સુધીનો સફેદ ચડ્ડો ઉપર સફેદ શર્ટ પગમાં સ્લિપર ચહેરા પર સ્મિત, સાદગી ,સેવા, સંયમ સમર્પણની મૂર્તિ સમા સુરેશભાઇ ખરેખર નોખી માટીના માનવી છે. જેમણે પોતાની સેવા થકી અનેક લોકોના જીવનમાં ઉજાશ પાથર્યો છે. જેમણે સ્વ જનો એ ધુતકાર્યા છે. તેમની સ્વથી વધુ સેવા કરનાર એટલે સુરેશભાઇ..... વંદન છે આ સેવાના ભેખધારી નોખી માટીના માનવીને જેમણે આપણા ઉમાશંકર જોષીની કાવ્ય પંક્તિઓને સાર્થક કરી છે. ''વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી, માથે ધરું ધૂળ વસુંધરાની''

# જામનગરમાં ખાનગી કંપનીનો કર્મચારી સાઇબર ફ્રોડ ટોળકીનો શિકાર

જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં કામ કરતા એક કર્મચારી સાયબર ફ્રોડ ટોળકીનો શિકાર બન્યા છે, અને પોતાની તેર લાખ જેવી મતબાર રકમ ગુમાવવાનો વારો આવ્યો છે. નકલી પોલીસ બની બે શખ્સોએ પાર્સલમાં ડ્રગ્સ આવ્યું છે તેવો ડર બતાવી નાણા પડાવી લીધાની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે. જે મામલે સાયબર સેલની ટીમ તપાસ ચલાવે છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક મોટી ખાવડી સ્થિત ખાનગી કંપનીમાં નોકરી કરતા અને કંપનીની ટાઉનશિપમાં રહેતા મેહુલભાઈ રમાકાંતભાઈ પંજી નામના વણિક કર્મચારીએ પોતાની સાથે મોબાઈલ ફોન મારફતે ફ્રોડ કરીને રૂપિયા ૧૩ લાખ પડાવી લેવા અંગે એ.યુ.બેંક એકાઉન્ટ ધરાવતા ગૌરવ મંગલ તેમજ અન્ય એક મોબાઈલ ધારક અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ગત ૨૨.૩.૨૦૨૪ ના દિવસે ફરિયાદી મેહુલભાઈના મોબાઈલ પર ટેલીફોન આવ્યો હતો, અને કુરિયર સર્વિસના કર્મચારી તરીકેની ઓળખ આપી તમારા નામે એક પાર્સલ આવ્યું છે, જે પાર્સલમાં એમડી ડ્રગ્સ નામનો પાવડર છે. ઉપરાંત ત્રણ લેપટોપ, ૪ કિલો કપડા, તેમજ પાંચ ટ્રાવેલિંગ પાસપોર્ટ, અને પાંચ ક્રેડિટ કાર્ડ વગેરે સામગ્રી છે.

ત્યારબાદ આમાંથી બચવું હોય તો તમારે ૧૩ લાખની રકમ બેંકમાં જમા કરાવવી પડશે, અને બંનેએ વોટ્સએપ કોલિંગમાં ભારત સરકારને લગત અને બેંકના ડોક્યુમેન્ટ સેન્ડ કર્યા હતા, જેથી મેહુલભાઈ ડરી ગયા હતા, અને તેઓએ તેર લાખની રકમ ટ્રાન્સફર કરી આપી હતી. જેની ખરાઈ કર્યા બાદ ઉપરોક્ત રકમ ફરીથી ખાતામાં જમા થઈ જશે, તેવો ભરોસો આપ્યા બાદ બંનેએ. પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા હતા. આખરે પોતાની સાથે ચીટીગ થયું હોવાનું ધ્યાનમાં આવતાં સમગ્ર મામલો પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને ઉપરોક્ત બંને ચીટર શખ્સ સામે ચીટીગ અંગેની ફરિયાદ નોંધાવી છે.

# દર ચોથી મિનિટે એક સ્પેશિયલ ટ્રેન, મહાકુંભમાં અમાસના દિવસે ૧૦ કરોડ ભક્તો લગાવશે ડૂબકીઃ તંત્રની ખાસ તૈયારી

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી છે. આવતીકાલે ૨૯ જાન્યુઆરીના રોજ અમાસના દિવસે ત્રીજા શાહી સ્નાનમાં આશરે ૧૦ કરોડ તીર્થયાત્રીઓ જોડાય તેવો અંદાજ છે. મૌની અમાસના શાહી સ્નાનમાં ભાગ લેવા માટે આવનારા શ્રદ્ધાળુઓ માટે પ્રયાગરાજના રેલવે સ્ટેશનો પર દર ચાર મહિને સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. મૌની અમાસ આવતીકાલે બુધવારે છે. તે દરમિયાન શ્રદ્ધાળુઓની સંખ્યા વધવાના અંદાજ સાથે ભારતીય રેલવેએ પ્રયાગરાજ સ્ટેશન પર દર ચાર મિનિટે એક સ્પેશિયલ ટ્રેન દોડાવવાની તૈયારી કરી છે. આ એક જ દિવસમાં ૧૫૦ જેટલી સ્પેશિયલ ટ્રેન મુકાશે. અગાઉ વર્ષ ૨૦૧૯માં અર્ધકુંભ દરમિયાન મૌની અમાસ પર ૮૫ ટ્રેન દોડાવવામાં આવી હતી.



૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં અત્યારસુધી ૧૫ કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી છે. પ્રથમ દિવસે જ ૧.૬૫ કરોડ શ્રદ્ધાળુ ઉમટી પડ્યા હતા. ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં ૪૫ કરોડથી વધુ શ્રદ્ધાળુ આવવાનો અંદાજ છે. આવતીકાલે પણ ૧૦ કરોડ લોકો શાહી સ્નાનમાં જોડાય તેવી સંભાવના છે.

ભારતીય રેલવેએ પ્રયાગરાજ મહાકુંભ આવતાં યાત્રાળુઓની સુવિધા માટે ખાસ વ્યવસ્થા કરી છે. મૌની અમાસ નિમિત્તે અંદાજ ૪૦૦થી વધુ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી છે. જેમાં શાહી સ્નાનના દિવસે ૧૫૦ સ્ટ્રેપેશિયલ ટ્રેન મૂકાશે. ચાર રિંગ રેલ સર્વિસિઝ સાથે રોજની ૨૦૦ ટ્રેન પણ ઓપરેટ થશે. વધુમાં શ્રદ્ધાળુઓ માટે પ્રયાગરાજ જંકશનથી અયોધ્યા શટલ પણ સંચાલિત છે. પ્રયાગરાજ રામબાગ અને ઝુસી સ્ટેશનો પર ૮૦ યુટીએસ કાઉન્ટર અને ૨૦ ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન લગાવવામાં આવ્યા છે.

# ભારતમાં એક વર્ષમાં ૨૪૦૦ કરોડ એપ ડાઉનલોડ થઈ, લોકોએ ૧.૧૨ લાખ કરોડ કલાક ફોન પર વિતાવ્યા



ભારત મોબાઈલ હેન્ડસેટ માર્કેટમાં ઝડપથી વિકાસ કરી રહ્યું છે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના અહેવાલ મુજબ, ૫જી સ્માર્ટફોન શિપમેન્ટના સંદર્ભમાં ભારતે અમેરિકાને પાછળ છોડી દીધું છે અને હવે ભારત વિશ્વનું બીજું સૌથી મોટું ૫જી મોબાઈલ બજાર બની ગયું છે. સેન્સર ટાવરના મોબાઈલ વપરાશ અંગેના 'સ્ટેટ ઓફ મોબાઈલ ૨૦૨૫' રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ભારતીયો વિશ્વના અન્ય દેશો કરતાં વધુ એપ્લિકેશન ડાઉનલોડ કરે છે અને મોબાઈલ એપ્લિકેશન પર વધુ સમય વિતાવે છે.

જો કે ભારત હજુ પણ એપ્સ દ્વારા માલસામાન ખરીદવામાં પાછળ છે. એપ્સથી થતી કમાણીના સંદર્ભમાં ભારત ટોચના ૨૦ દેશોમાં પણ નથી. ભારતમાં ૨૦૨૪માં એપ ડાઉનલોડ્સમાં ઘટાડો આવ્યો છે. ગત વર્ષે ૨૪.૩ અબજ (૨૪૦૦ કરોડ) એપ્સ ડાઉનલોડ થઈ હતી, જે વર્ષ અગાઉ ૨૦૨૩માં ૨૫.૬ અબજ (૨૫૦૦ કરોડ) અને ૨૦૨૨માં ૨૬.૬ અબજ (૨૬૦૦ કરોડ) એપ ડાઉનલોડ થઈ હતી.એપ ડાઉનલોડ્સમાં ઘટાડા છતાં, ભારતીય લોકોએ એપ પર વધુ સમય વિતાવવાનું શરૂ કર્યું છે. ૨૦૨૪માં ભારતીયોએ વિવિધ એપ્લિક્શન પર ૧.૧૨ લાખ કરોડ કલાક વિતાવ્યા છે. સમયનો આ પ્રકારનો ઉપયોગ ૨૦૨૩માં ૯૯ હજાર કરોડ કલાક અને ૨૦૨૨માં ૮૪ હજાર કરોડ કલાક હતો.ભારતમાં મીડિયા અને સોશિયલ મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ એપ્સ સૌથી વધુ લોકપ્રિય છે. જો કે આ એપ્સના ડાઉનલોડમાં પણ ઘટાડો થયો છે. જો કે ઓનલાઈન પણ સમાજને અલગ રસ્તે લઈ જતી ડેટિંગ એપ્સની આવક ૨૦૨૪માં ૨૫ ટકા વધીને ૫૫ મિલિયન ડોલર અર્થાત રૂ. ૪૭૫ કરોડ સુધી પહોંચી ગઈ છે.

# ૧૫ સ્માર્ટવોચના બેન્ડ પર જોવા મળ્યાં ઝેરી કેમિકલઃ કેન્સર અને અન્ય જીવલેણ બીમારી થઈ શકે છે

સ્માર્ટવોચના બેન્ડને લઈને હાલમાં જ એક ચોંકાવનારો રિસર્ચ રિપોર્ટ જાહેર કરાયો છે. આ રિપોર્ટ પ્રમાણે, દુનિયાની અનેક સ્માર્ટવૉચના બેન્ડમાં કેન્સર થઈ શકે એવા જીવલેણ કેમિકલ્સ છે. 'ફોરએવર કેમિકલ્સ' તરીકે ઓળખાતા આ તત્ત્વો વૈજ્ઞાનિક ભાષામાં પોલિફ્લૂરોઆલ્કલાઈલ (ફ્લછજી) તરીકે જાણીતા છે. આ કેમિકલ્સ એપલ અને નાઈકી જેવી ઘણી મેન્યુફેક્ચરિંગ કંપનીના સ્માર્ટવૉચ બેન્ડમાં જોવા મળ્યાં છે. આ કેમિકલ્સથી ઘણાં પ્રકારના કેન્સર થાય છે. આ સાથે જ હોર્મોન્સ અને પાચન શક્તિને લગતી બીમારીઓ પણ થાય છે. ભાષામાં ફોરએવર કેમિકલ્સ તરીકે ઓળખાય છે. આ એવા કેમિકલ્સ છે, જેનો અનેક વિયરેબલ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સમાં ઉપયોગ થાય છે. આ કેમિકલ્સમાં સિન્થેટિક કમ્પાઉન્ડ હોય છે, જે પ્રોડક્ટને પાણી અને તેલ જેવી વસ્તુઓથી સુરક્ષા કરે છે. પર્યાવરણમાં અને માનવ શરીરમાં આ કેમિકલના કારણે થતા નુક્સાન અંગે હેલ્થ એક્સપર્ટ ચિંતા વ્યક્ત કરી રહ્યાં છે.સ્માર્ટવોચમાં વધુ પડતાં ફ્લછજીનો ઉપયોગ થાય છે અને એ ચામડી સાથે સતત સંપર્કમાં રહેતાં બીમારી થવાની શક્યતાઓ વધારે છે. હાથમાં પરસેવો થાય છે, ત્યારે આ બેન્ડ પરનું કેમિકલ ચામડીમાંથી શરીરમાં જાય છે અને ત્યાંથી એ સીધું બ્લડસ્ટ્રીમમાં પ્રવેશે છે. તેના કારણે ખૂબ જ ગંભીર બીમારી થવાની શક્યતાઓ વધી જાય છે. એટલું જ નહીં, તેનાથી કેન્સર તેમજ કિડની અને પ્રોસ્ટેટની લગતી બિમારીઓ પણ થઈ શકે છે. આ રિપોર્ટ તૈયાર કરવા એક ઊંડું સંશોધન કરાયું હતું, જેમાં ૨૨ સ્માર્ટવોચ બેન્ડનું પરીક્ષણ કરાયું હતું. આ પૈકી ૧૫ સ્માર્ટવૉચમાં હાનિકારક જ નહીં, જીવલેણ કેમિકલ મળી આવ્યા હતા. નવાઈની વાત તો એ છે કે, તેમાં એપલ અને નાઇક જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડનો પણ સમાવેશ થાય છે. આ સંશોધન પછી હેલ્થ એક્સપર્ટ્સ અને કન્ઝ્યુમર્સના હક માટે લડતી સંસ્થાઓએ આ દરેક કંપની સામે કડક પગલાં લેવાની અપીલ કરાઈ છે. આ સાથે જ કંપનીઓને તેમના ઉત્પાદનો વેચતી વખતે સંપૂર્ણપણે પારદર્શક રહેવાનું પણ સૂચન કરાયું છે.

હેલ્થ એક્સપર્ટ્સ દ્વારા કહેવાયું છે કે, આ કંપનીઓ તેમની પ્રોડક્ટમાં જે પણ હાનિકારક મટિરિયલનો ઉપયોગ કરે છે, તેની માહિતી જાહેર કરવી જરૂરી છે. આ વિશે માહિતી આપીએ તો જ ગ્રાહકો તેનાથી થતાં નુકસાનથી પોતાને બચાવી શકે. આ સંશોધન પછી ગ્રાહકોને પણ અપીલ કરાઈ છે કે, આ પ્રકારની દરેક પ્રોડક્ટ્સમાં કેવા કેમિકલનો ઉપયોગ થાય છે

## ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO: *384***

વિષય : ★" શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો"★
શીર્ષકઃ ★દેવ ભૂમિ પ્રયાગરાજ માં કુંભમેળાના દર્શન★
પ્રકાર : લેખ. શબ્દો : ★૨૯૬★

હિન્દુ સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતો એક એવો મેળાવડો જે વિશ્વમાં વિખ્યાત છે તે પ્રયાગરાજ રૂપી દેવીભૂમિ પર આજે ૧૪૪ વર્ષ પછી મહાકુંભ મેળા ના સ્વરૂપમાં કરોડો લોકો . સાધુ, સંતો, મહંત મહંતો, નાગા સાધુ ,સાધ્વીઓ ,દેશ પરદેશમાં રહેતા ધાર્મિક સંસ્થાના અગ્રણી, પીઠાધેશ્વર , તમામ પ્રકારના અખાડા ના સંતો કથાકાર, તપસ્વીઓ સૌના દર્શન દેવી ભૂમિ પ્રયાવત રાજમાં પ્રયાગરાજ ત્રિવેણી સંગમ થાય છે.

દેવો દ્વારા સમુદ્ર મંથનની પ્રક્રિયા દ્વારા મહાકુંભ માંથી અમૃત નીકળ્યું તે અમૃતના છાંટા જે ધરતી ઉપર પડ્યા ત્યાં તે સ્થળને કુંભમેળાનું સ્થાન બતાવવામાં આવ્યું છે. હરિદ્વારમાં ગંગા, પ્રયાગરાજમાં ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતીનો સંગમ, ઉજ્જૈનમાં શિપ્રા અને નાસિકમાં ગોદાવરી. ૧૨ વર્ષના સમયગાળામાં નાના ઉજવણીઓ પણ યોજવામાં આવે છે.

કુંભ મેળો, હિન્દુ ધાર્મિક તહેવાર અને વિશ્વનો સૌથી મોટો જાહેર મેળાવડો. પ્રયાગરાજ ખાતે ૨૦૧૯ ના કાર્યક્રમમાં ૨૦ કરોડથી વધુ લોકો આવ્યા હતા, જેમાં ઉત્સવના સૌથી શુભ દિવસે ૫ કરોડ લોકોનો સમાવેશ થાય છે. હિન્દુઓ માટે સૌથી પવિત્ર યાત્રાધામોમાંનો એક છે અને યુનેસ્કો દ્વારા માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં તેને માન્યતા આપવામાં આવી છે.

પ્રયાગરાજ માં ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતી નદીઓનો સંગમ થાય છે. દરેક સ્થળની ઉજવણી સૂર્ય, ચંદ્ર અને ગુરુની ખગોળીય સ્થિતિઓના એક અલગ સમૂહ પર આધારિત છે, જે સૌથી પવિત્ર સમય તે ક્ષણે થાય છે જ્યારે આ સ્થિતિઓ સંપૂર્ણપણે ભરાઈ જાય છે. મહા કુંભ મેળો ("મહાન કુંભ ઉત્સવ") પ્રયાગરાજમાં દર ૧૪૪ વર્ષે યોજાય છે.

કુંભ મેળો ફક્ત ધાર્મિક મેળાવડાથી વધુ છે; તે આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પરિમાણોનું મિશ્રણ છે. તે ધાર્મિક પ્રવચનો, સાંપ્રદાયિક સંવાદિતા અને હિન્દુ દર્શનની ઉજવણી માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. યાત્રાળુઓ માને છે કે કુંભ મેળા દરમિયાન પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી પાપોનું પ્રાયશ્ચિત થાય છે અને આધ્યાત્મિક મુક્તિમાં મદદ મળે છે.

★-ડો સતીશ પટેલ .'પ્રકૃતિ રક્ષક '★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS no 2o5**

વિષય : શ્રધ્ધાંળુ ઓની શ્રધ્ધા નો ધોધ પ્રયાગરાજ કુંભમેળો
શિર્ષક : પાપ માંથી મૃકતી

આ સૃષ્ટિ ના સર્જન હાર અને અંખડ બ્રહ્માંડ ના માલીકે
જ્યારે આ સૃષ્ટિ નુ કયૃ ત્યારે તેને
આ ભારત દેશ જેવી એક પવિત્ર
ભુમિ બનાવી અને તમે આખા વિશ્વમાં જાવ પણ આપણા ભારત
દેશ જેવો સનાતની ધર્મ વાળો બીજો
કોય દેશ નથી
આપણા અહો ભાગ્ય કે આપણ ને આવા પવિત્ર દેશ માં જન્મ મળ્યો
આપણા આ દેશમાં અનેક પવિત્ર સ્થાનો અને ધર્મ સ્થળો આવેલાં છે
તેમાંનુ એક આ પ્રયાગ રાજ છે
જે માં ગંગા ના તટે આવેલું છે
ત્યાં લોકો પોતાના પાપ માંથી મૃકત થવા માટે અને પોતાના જીવન કલ્યાણ
થાય તે માટે ગંગા માં ડુબકી
લગાવે છે
પણ માણસ ડુબકી લગાવવા થી તન પવિત્ર કરે છે પણ માણસ નું મન ક્યાં
પવિત્ર થાય છે
તેના મા રહેલી મોહ માયા છળ કપટ ની ભાવના ઓ ત્યજવી બહુ અઘરી
વાત છે
પ્રયાગ રાજ કુંભમેળા માં કોઈ ખાલી
મોતી ની માળા વેચવા વાળી ની કિસ્મત ચમકી જાય છે
અહીં મહાન વિભૂતિ ઓ અને તપસ્વી ઓ ના દર્શન થાય છે
અઘોરી સાધુઓની જણાતો દેખાય છે
અરે અહીં યોની સરકાર ના રાજ
તૈનાત સુરક્ષા થાય છે
વિજયસિંહ ઝાલા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO :158**

વિષયઃ શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ
(પ્રયાગરાજ) કુંભમેળો.
શીર્ષકઃ શ્રદ્ધાનું પ્રતિક કુંભમેળો.
પ્રકારઃ પદ્ય ? શબ્દોઃ૮૮

શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ શ્રદ્ધાનું પ્રતિક
કુંભમેળો,
બાર વર્ષે એક જ વાર આવે છે આ મહા કુંભમેળો!

મકરસંક્રાંતિથી શરૂ થાય છે કુંભમેળો,
શિવરાત્રી સુધી ચાલતો હોય છે કુંભમેળો!

કરોડો શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરે છે એ કુંભમેળો,
સનાતન સંન્સીઓની અદભુત ઓળખાણ એ કુંભમેળો!

ક્ષીરસાગર મંથન વખતે નીકળેલો આ અમૃતઘટ,
સૂર્ય એ ફૂટવા ન દીધેલો ચંદ્રથી પવિત્ર અમૃતઘટ!

હરિદ્વાર ઉજ્જૈન નાશિક પ્રયાગરાજમાં ભરાય છે કુંભમેળો,
'પ્રેમ' આસ્થાથી જોડાયેલો છે આસ્થાનું પર્વ કુંભમેળો!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***

★વિષયઃ-"શ્રધ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ(કુંભમેળો)"★
★શિર્ષક;- "કુંભમેળો હિન્દૂ સંસ્કૃતિનું મહત્વનું અંગ છે"★
★પ્રકારઃ- ગદ્ય - શબ્દઃ-૨૭૦★

પ્રયાગરાજની દેવભૂમિ અને ત્રિવેણી સંગમ પર અત્યારે કુંભમેળાનો ધાર્મિક ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. પ્રયાગરાજમાં ૧૪૪ વરસ પછી મહાકુંભ થઈ રહ્યો છે. કુંભમેળોએ હિન્દુ સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતો એક ધાર્મિક અને શ્રધ્ધાથી ભરપૂર મેળાવડો છે જેનું વિશ્વમાં ખૂબ મહત્વ છે અને વિશ્વમાં વિખ્યાત છે. આશરે ૪૦ કરોડો લોકો કુંભમેળામાં આવશે જેમાં સાધુ, સંતો, મહંતો, મહામંડળેશ્વર,નાગા સાધુ ,સાધ્વીઓ અને દેશ પરદેશમાં રહેતા ધાર્મિક સંસ્થાના અગ્રણી, પીઠાઘીશ્વર , તમામ પ્રકારના અખાડાના સાધુ અને અનેક કથાકાર હશે જે કુંભના દર્શન કરી દેવભૂમિ પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને પવિત્ર થશે.
ધાર્મિક કથા એવી છે કે સમુદ્રમંથન દરમ્યાન અમૃત કુંભ નીકળ્યો હતો. દાનવોને એકલાને અમૃતપાન કરવું હતું એટલે અમૃતકુંભ લઈને સમુદ્રતટેથી ભાગ્યા એ દરમ્યાન અમૃતકુંભમાંથી અમૃતના છાંટા ઉડ્યા અને એ પૃથ્વી પર જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં કુંભમેળો યોજાય છે.જે હરિદ્વારમાં ગંગાતીરે , પ્રયાગરાજમાં ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતીના ત્રિવેણી સંગમ પર અને ઉજ્જૈનમાં શિપ્રા અને નાસિકમાં ગોદાવરીતીરે દર ૧૨ વર્ષના સમયગાળામાં નાના કુંભમેળા યોજાય છે.

કુંભમેળો એ ફક્ત ધાર્મિક મેળાવડો છે એવું નથી તેનું આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક રીતે ઘણું મહત્વ છે. કુંભમેળા દરમ્યાન સાધુ સંતો દ્વારા ધાર્મિક પ્રવચનો થાય છે અને લોકોને હિન્દૂ સંસ્કૃતિ વિશે જાણવા મળે છે. લોકોમાં એવી ધાર્મિક માન્યતા છે કે કુંભમેળા દરમિયાન પવિત્ર નદીમાં સ્નાન કરવાથી પાપોનું પ્રાયશ્ચિત થાય છે અને આધ્યાત્મિક ઉન્નતિમાં મદદ મળે છે.કુંભમેળો એ હિન્દૂ સંસ્કૃતિનું આગવું અંગ છે અને સદીઓથી ભારતમાં કુંભમેળો નિયત સમયે યોજાઈ રહ્યો છે એજ બતાવે છે કે હિન્દૂ સંસ્કૃતિ કેટલી આભાદાયી અને વિશાળ છે.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**

વિષયઃ- " શ્રધ્ધાળુઓની શ્રધ્ધાના ધોધ
(પ્રયાગરાજ) કુંભમેળો"
શિર્ષક :- "કુંભમેળાનું મહત્વ"
પ્રકાર :- પદ્ય. શબ્દોઃ- ૧૦૧

પ્રાચીનકાળથી કુંભમેળાની આ પરંપરા ચાલી આવે છે.
હિંદુ ધર્મ સાથે સંકળાયેલ ધાર્મિક મેળાવડો કહેવાય છે.

આ મેળામાં વિશ્વભરનાં શ્રધ્ધાળુઓનું આગમન થાય છે,
ધર્મ ભક્તિ અને જ્ઞાન મહિમાનો મહા ઉત્સવ ઉજવાય છે.

ધર્મના ભેદભાવ સૌ ભૂલી જઈને એકતાના દર્શન થાય છે.
જે રીતે ગંગા, યમુના, સરસ્વતીનો ત્રિવેળી સંગમ થાય છે.

ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનું ધાર્મિક મહત્વ મનાય છે,
સાધુ-સંતો અને શ્રધ્ધાળુઓ જ્યાં તરબતર બની જાય છે.

શ્રધ્ધાળુઓના ડુબકી સ્નાન કરીને તન મન પવિત્ર થાય છે.
સાધુ-સંતોના દર્શન કરીને શ્રધ્ધાળુઓ પાવન થઈ જાય છે.

ધર્મ, સંસ્કૃતિ, ભક્તિરસના પ્રવાહમાં સૌ મગ્ન થઈ જાય છે,
આ મેળામાં વાસ કરનાર "મુરલી"
આભાર - નિહારીકા રવિયા કલ્પવાસી બની જાય છે.

-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**

વિષયઃ"શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો" ★. શીર્ષકઃ" હિન્દુ ધર્મ છે આ" પ્રકારઃપધ્ય. શબ્દોઃ૧૦૧

પ્રયાગરાજ કુંભમેળો શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ છે આ,
સનાતન ધર્મ નો સૌ હિન્દુઓ નો એક થવાં ની શોધ છે આ,
વિધર્મીઓ ની હિન્દુઓ ને વટલાવવાં પ્રત્યે નો ક્રોધ છે આ,
બ્રાહ્મણ,વૈષ્નવ,જૈન,સ્વામિનારાયણ, બૌધ્ધ, સૌ હિન્દુ ધર્મ નાં ફાંટા ભૂલી એક થવાં નો બોધ છે આ,
ભારત દેશ ને પછાડવાં જે વિદેશીઓ ભેગાં થયાં છે તેનો વિરોધ છે આ,
દરેક ભારતવાસી નાં દિલ માં હિન્દુ ધર્મ જાગૃત કરવાં ની જરુરત છે આ,
આ મારાં હિન્દુ ધર્મ માટે નાં વિચાર ની નોંધ છે આ,
જીતેન્દ્ર શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN. 0089**

વિષય શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ કુંભમેળો
( પ્રયાગ રાજ )
શીર્ષક એષણા
પ્રકાર ગદ્ય. શબ્દો ૧૫૦
—

'' ૧૪૪ વર્ષ બાદ'' ભરાતા કુંભમેળામાં જવાની ઈચ્છા જાગે એ શક્ય નથી. જાણવા છતાં તેની એષણા અંતરમાં પોષાઈ રહી છે.
કુંભ મેળાના દશ્યો જોઈ મન પુલકિત થાય છે. જીવનમાં આ લ્હાવો બીજીવાર નથી મળવાનો તેનો ઈન્કાર ન થઈ શકે.
સનાતન ધર્મની આસ્થા , ભારતિય સંસ્કૃતિની ધરોહર સમાન આ કુંભમેળો તેનું આગવું અસ્તિત્વ ધરાવે છે.
કુંભમેળે, ગંગા સ્નાનથી સ્વર્ગ મળશે તેની બાહેંધરી કોઈ આપી ન શકે. કિંતુ ત્યાંનું અલૌકિક દશ્ય અને અંતરમાં થતી અનુભૂતિ આહલાદક જરુર હોય.
કરોડો લોકોની આસ્થાનું પ્રતિક છે. ભારતમાતાના વિધ વિધ પ્રકારના શ્રદ્ધાળુ થોકે થોકે ઉમટે છે. કશુંક એવું ગહન સત્ય ત્યાં મોજૂદ છે , જેનો અનુભવ પામે છે. પરદેશી માત્ર કુતૂહલથી નહીં પણ ત્યાંના સ્પંદનોની રોમાંચકતા અનુભવે છે.
'' કુંભમેળો'' એ ધરતીના પટ પર અલૌકિક સ્થળ બની ઉભરી રહ્યું છે.
ભલે હાજરી શક્ય નથી પણ દર્શન દ્વારા ધન્યતા અનુભવી.
સંતો, મહંતો, શ્રદ્ધાળુઓ, તપસ્વીઓ, સિદ્ધ પુરુષો, અબાલ, વૃદ્ધ , સહુની સુનામી સમાન આ કુંભમેળો ગૌરવવંતો છે.
પ્રવિણા કડકિયા,હ્યુસ્ટન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS:168**

વિષયઃ શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનું ધોધ (પ્રયાગરાજ) કુંભ મેળો
શીર્ષકઃ વાહ કુંભ મેળો..!!?? ૨૦૨૫
પ્રકારઃ ગદ્ય શબ્દઃ ૩૪૩

પૂર્વી ઉત્તર પ્રદેશમાં ગંગા કિનારે વસેલું પ્રયાગરાજ ભારત દેશનું પવિત્ર અને લોકપ્રિય તીર્થ સ્થળ છે. આ ઐતિહાસિક નગરનું પ્રશાસનિક, શૈક્ષણિક ધાર્મિક તેમજ સંસ્કૃત દ્રષ્ટિ અગ્રણી સ્થાન છે. આ નગરનો ઉલ્લેખ ભારતનાં પુરાણાં ધાર્મિક ગ્રંથોમાં મળે છે. વૈદપુરાણ રામાયણ અને મહાભારતમાં આ સ્થળે ને પ્રયાગ કહેવામાં આવ્યું છે.

ગંગા યમુના અને સરસ્વતી નદીઓને અહીં સંગમ (ત્રિવેણી) થાય છે. આ કારણે હિન્દુઓ માટે આ શહેરનું વિશેષ મહત્વ છે. હિન્દુઓની જૂની પરંપરા અનુસાર દર ૧૨ વર્ષે અહીં કુંભમેળાનું આયોજન કરવામાં આવે છે.

ભારત એક આધ્યાત્મિક સંસ્કૃત ધરોહર છે. ભારતના આધ્યાત્મિક સંસ્કૃતિ થી આકર્ષાઈ દેશ-વિદેશના લોકો ભારતીય સંસ્કૃતિને સ્વીકારી શરણ લઈ ભક્તિ અને સાધના થી જોડાય છે.

રાજ્ય સરકાર તરફથી પણ કુંભ મેળાનું સંપૂર્ણ સલામતી સાથે વ્યવસ્થા કરવામાં આવે છે.હિન્દુ મૂળ ધર્મ સનાતન ધર્મ હોય સૌ ને સાથે રાખી કુંભ મેળો ઉજવવામાં આવે છે.

અલગ અલગ અખાડાના... કિન્નર અખાડા, નાગા સાધુઓ, સાધ્વીઓ, સંતો, ભક્તો, નગરજનો તેમજ દેશ વિદેશથી અગ્રણીજન ત્રિવેણી માં ડૂબકી મારી પોતાને ધન્ય અનુભવે છે. જે ૪૫ દિવસ ચાલે છે.

કુંભ ૨૦૨૫ મેળામાં આધ્યાત્મથી આકર્ષાઈ સંન્યાસ લેતાં આત્માઓને અડચણ રૂપ એવાં 'ગોડફાધર' સમજી બેઠેલા એવા લોકો... એમનાં માર્ગના રોળા બનતા હોય છે.!!??

કહેવત છે કે 'મન કા મેલ ન ધોયા તો ક્યાં ધોયા'
આ કુંભમેળામાં 'માયા' એ પણ પોતાનું ઉગ્ર સ્વરૂપ ધારણ કરી વિકારીઓનું મન મોહી લઈ.. કુંભ મેળામાં આવેલી માળા વેચતી એક ગરીબ કન્યાનાં નયનો ને જોઈ ભક્તો મોહી જઈ પાગલ થઈ હડકાયા કૂતરાની જેમ સોશિયલ મીડિયા અને ગંગામાં પાપો ધોવા આવેલ લોકો એની પાછળ પાછળ દોડતાં હતાં અને એ પોતાનું બચાવ કરવા માટે જે તે જગ્યા સંતાઈ જવાનો પ્રયત્ન અને લોકોનાં દુર્લજ વ્યવહારનો વિરોધ કરતી હતી...આ દ્રશ્ય ખરેખર મનુષ્યનાં ચિત્રના ચરિત્રને સાબિત કરી બતાવે છે કે આજનો માનવી કેટલા હદે પોતાની કિંમત આંકી છે.!!!???
આજનો માનવી ભગત બન્યો પરંતુ ભગવાનનો ન બની શક્યો... બન્યો તો બન્યો આકર્ષણનો મચ્છર બન્યો.
ભારતીય સંસ્કૃતિને આજે વિદેશીઓ મોહીને શરણ થઈ રહ્યાં છે અને ભારતીયો નયનો થી આકર્ષાઈ ચરિત્ર ભંગ થઈ રહ્યાં છે.!!
ઈશ્વરે મનુષ્યને માનવ બનવા ઘણી બધી વ્યવસ્થાઓ કરી છે. પૃથ્વી ઉપર અપાર સુખનાં સાધનો ઉપલબ્ધ છે. પરંતુ એ પ્રાકૃતિક સુખ ભોગવવામાં માણસ આજ પણ પાછળ છે.
'પ્રયાગરાજ એટલે પવિત્રતાનો નિવાસ સ્થળ'

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**

વિષય : '' શ્રદ્ધાળુંઓની શ્રદ્ધાનું ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો "
શીર્ષક : " પ્રયાગનો કુંભમેળો "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૮.

શ્રદ્ધાળુઓની શ્રદ્ધા, સાક્ષાત્કારનો આ છે કુંભમેળો,
સનાતનીઓના અતૂટ વિશ્વાસનો, આ છે કુંભમેળો.

ધર્મ, ભક્તિ, જ્ઞાનની મહિમાનો મળ્યો છે મેળાવડો,
પરંપરાઓનો અને પ્રાચીનકાળનો, આ છે કુંભમેળો.

ગંગા, યમુના, સરસ્વતીના, પ્રયાગે ત્રિવેણીસંગમમાં,
ધાર્મિક ને સવિશેષ પવિત્ર સ્નાનનો આ છે કુંભમેળો.

અખાડાના હઠયોગી, મહામંડળેશ્વર, પીઠાધીશ્વરના,
સાધુ,સંતો, મહંતોનાં શુભ દર્શનનો આ છે કુંભમેળો.

પાવન થવાનો અવસર આવ્યો છે, દેવભૂમિનાં દ્વારે,
આધ્યાત્મિક સંસ્કૃતિની ધરોહરનો આ છે કુંભમેળો.
શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગત (હાલ સુરત)

# પિતાના પ્રેમના અતૂટ બંધનને રજૂ કરે છે ફાટી ને?નું ગીત "પંખીડા"

કોમેડી, હોરર અને ચાર્ટ-ટોપિંગ ટ્રેક્સને લઇ ગુજરાતી સિનેમામાં ચર્ચા જગાવી દીધી છે, ત્યારે, ફાટી ને?ના મેકર્સે વધુ એક લાગણીઓથી ભરપૂર ગીત "પંખીડા" રિલીઝ કરી ફિલ્મના એક મજબૂત પાસાની પ્રસ્તુતિ કરી છે. "પંખીડા" એક એવી લિરિકલ સફર છે, જે ભાવનાત્મક લાગણીઓ અને હૃદયને સ્પર્શી જતી વાર્તાને બખૂબી રીતે રજૂ કરે છે.હૃદયને સ્પર્શી જતુ આ ગીત એક પિતાના પ્રેમની અખૂટ શક્તિની સાથેસાથે પોતાની દીકરીની નજીક રહેવાના તેના અથાક પ્રયાસોને રજૂ કરે છે. તેના લાગણીસભર શબ્દો અને આત્માને ઝંઝોળી દેતી ધૂનના માધ્યમથી "પંખીડા", માતાપિતાના નિઃસ્વાર્થ પ્રેમમાં રહેલા ત્યાગ અને અતૂટ



સમર્પણને ખૂબ જ સુંદર રીતે દ્રશ્યોના માધ્યમથી રજૂ કરે છે.
આ લિરિકલ વિડીયો તલ્લીન કરી દેતો અનુભવ પૂરો પાડી હૃદયને સ્પર્શી જતા શબ્દો અને ફિલ્મના લાગણીઓથી ભરપૂર દ્રશ્યોના અદભૂત સંયોજનને રજૂ કરે છે. આ દ્રશ્યો હિતુ કનોડિયા દ્વારા ભજવવામાં આવેલા પિતા અને તેમની દીકરી વચ્ચેના કોમળ બંધનને અદભૂત રીતે રજૂ કરે છે, જે પ્રેમ, બલિદાન અને સૌમ્યતાની કોમળ ક્ષણોને દર્શાવે છે. હિતુ કનોડિયાએ ખૂબ જ લાગણીસભર અભિનય કર્યો હોવાનું આ દ્રશ્યોમાં જોવા મળી રહ્યું છે, જે ગીત અને ફિલ્મની સ્ટોરીમાં રહેલી ગાઢ લાગણીઓમાં પ્રાણ ફૂંકે છે.
જાવેદ અલીના કંઠે ગવાયેલ આ ગીતના શબ્દો અનિલ ચાવડાએ લખ્યા છે, અને તેનુ મ્યુંઝિક દીપક વેણુગોપાલન દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.હાલમાં તમામ અગ્રણી પ્લેટફોર્મ પર સ્ટ્રીમ થઈ રહેલુ "પંખીડા"નું ગીત ફાટી ને?ની ગાઢ લાગણીઓ અને સમૃદ્ધતાની ઝાંખી કરાવે છે, જે દર્શકોને ફિલ્મના હાર્દમાં રહેલા ગાઢ પ્રેમનો અનુભવવા માટે આવકારે છે.
જેની ધૂન આપને પારિવારિક પ્રેમના અચળ બંધનની યાદ અપાવશે તેવા "પંખીડા"ને સાંભળો."ફાટી ને?" ફિલ્મ ફૈસલ હાશમી દ્વારા દિગ્દર્શિત અને લિખિત તેમજ ફેનિલ દવે દ્વારા લિખિત છે. એસપી સિનેકોર્પ અને સન આઉટડોર્સ દ્વારા પ્રસ્તુત આ ફિલ્મનું નિર્માણ કેનસ ફિલ્મ્સ, કેશ્વી પ્રોડક્શન અને ફુલપિક્સલ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે વર્લ્ડવાઇડ ડિસ્ટ્રિબ્યૂશન રૂપમ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અને એસપી સિનેકોર્પ સિનેમેટિક વેન્ચર લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

# આંતર જિલ્લા યુવા આદાન પ્રદાન કાર્યક્રમનું સમાપન ગુજરાત વિદ્યાપીઠ ખાતે કરવામાં આવ્યું

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય (ભારત સરકાર) અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને માયભારત ગાંધીનગર જિલ્લા યુવા અધિકારી કચેરી દ્વારા આંતર જિલ્લા યુવા આદાન પ્રદાન કાર્યક્રમનું સમાપન ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના આયોજનમાં પોરબંદર જિલ્લાના ૨૭ યુવાનો ગાંધીનગર જિલ્લાની મુલાકાત લેવા માટે આવેલ હતા. આ કાર્યક્રમ દરમિયાન યુવાનો દ્વારા મહુડી મંદિર, મીની અમરનાથ મંદિર અને અંબોડ ખાતે મહાકાળી મંદિર, વરદાયિની માતા મંદિર, ગીર ઈકોલોજીકલ પાર્ક, અક્ષરધામ મંદિરની મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમ




દરમિયાન યોગના સેશન અને ફિટ ઈન્ડિયાના કાર્યક્રમ પણ આયોજિત થયા હતા. સમાપન કાર્યક્રમમાં મનરેગા લોકપાલ હિંમતનગર શ્રી રજનીકાંત સુથાર, યોગ બોર્ડથી અમિતાબેન અને જિલ્લા યુવા અધિકારીશ્રી ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

# સાડી કાંડનો ઢાંક પીછાડો કરવા કાનજી ખેર સ્ટાફને કોટી આપશે!!

# વીસી અને રજિસ્ટ્રારે સરકારના પૈસે બૈરાઓને સાડી પહેરાવી હતી!!

ગાંધીનગરઃ ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) છેલ્લા ૫ વર્ષથી વિવાદોના કેન્દ્રમાં છે. વિદ્યાર્થીઓ તેમજ પ્રજાના પૈસે પિક્ચર બતાવવા પ્રખ્યાત કાનજી ખેર પાછલા વર્ષના એક કાર્યક્રમ દરમિયાન જીટીયુના રજીસ્ટ્રાર કાનજી ખેરે તેમની પત્ની સમજુબહેનને અને ભૂતપૂર્વ કુલપતિ નવીન શેઠની પત્નીને પણ સરકારી સાડી પહેરાવી હતી, જે જીટીયુના નાણાંનો ઉપયોગ કરીને આપવામાં આવી હતી. આ બાબત ઉજાગર થતા કર્મચારી મંડળમાં ચર્ચાનો વિષય બન્યો હતો.દર વર્ષે કોન્વોકેશન આવતાં જ આ ઘટના કર્મચારીઓ સહિત યુનિવર્સિટી વર્તુળમા થતી હોય છે કે આ વર્ષે પણ કાનજી તેમની પત્નીને સરકારી સાડી પહેરાવશે? આ વાત લોકો ભૂલી જાય તે માટે કાળજીએ સાડીનો છેદ ઉડાડી દઈને હવેથી મહિલા કર્મચારીઓને પણ કોટી



આપવાનું જ નક્કી કર્યું છે. જેથી સાડીનો છેડો વધુ ફાટ્યો હોય તેમ વિવાદનો મધપૂડો છંછેડાયો છે.

આ વિવાદનો મુખ્ય મુદ્દો જીટીયુના નાણાંનો દૂરઉપયોગ કરીને રજીસ્ટ્રાર કાનજી ખેરે તેમની પત્ની સમજુબહેનને સાડી આપી વ્યક્તિગત ભેટ માટે કર્યો હતો. આ પ્રકારની પ્રવૃત્તિઓ શૈક્ષણિક સંસ્થાની નીતિ વિરુદ્ધ છે અને નૈતિક દૃષ્ટિકોણથી પણ યોગ્ય નથી.ભારતીય સંસ્કૃતિ તેમ જ પરંપરાગત મુજબ મહિલાઓને સાડી આપવી જોઈએ જેના બદલે પુરુષ કર્મચારી ને અપાતી કોટી મહિલાઓને આપવાની નીતિ યોગ્ય નથી. આ વર્ષ માત્ર મહિલા કર્મચારી ગણમાં કોટી ભેટ અપાઈ. જીટીયુના ઈતિહાસમાં પ્રથમ વખત સાડીના બદલે ભેટ તરીકે માત્ર કોટી અપાઈ છે, જેનાથી સમજાય છે કે અગાઉની ઘટનાઓને કારણે આ વર્ષ માટે ભેટમાં મર્યાદા લાવી છે. આવી મર્યાદા પોતાના બૈરાને સાડી પહેરાવતા ભાન નથી રહ્યું અને પાયાના પથ્થર એવા કર્તવ્યનિષ્ઠ સ્ટાફને આ વર્ષમાં પદવીદાન સમારોહ દરમિયાન આપવામાં આવતી સાડી ખાસ કરીને મહિલા કર્મચારીઓને પણ આ વર્ષે કોટી આપવામાં આવી છે. વધુમાં પરિપત્ર કરી આ કોટી આવતા વર્ષે પણ પહેરવાની સૂચના આપવામાં આવી છે! જેથી મહિલા કર્મચારીઓમાં અસંતોષની લાગણી તેમજ ચર્ચાનો વિષય બની છે. કોનવોકેશનના અન્ય ખર્ચ જેમકે ડ્રાયફ્રુટ, હિમાલયની પાણીની બોટલો વગેરે ઉપર કટ મુકવામાં આવેલો છે? પોતાના બૈરાને મોંઘીદાર સાડી આપવાની અને સ્ટાફને નીચી ગુણવત્તાની સાડી આપવામાં આવી હતી જેના અનુસંધાને આ વર્ષે કોટી આપતા ગણગણાટ થઈ રહ્યો છે.

હાલમાં મહિલા વાઈસ ચાન્સલર હોવા છતાં મહિલા વિરોધી આ નિતિ થી સ્ટાફ ગણમાં ચર્ચાનો વિષય એ છે કે ★પોતાના બૈરા ને સાડી! અને સ્ટાફ ને કોટી!! આવી છે જીટીયુના કાનજી ખેરની નીતિ!!!★ હવે શોભાના ગાંઠીયા સમાન વાઈસ ચાન્સલર રાજુલ ગજ્જર દ્વારા હસ્તક્ષેપ કરવામાં આવે છે કે નહીં એ જોવું રહ્યું!સાડી કાંડમાં સ્ટોર વિભાગના એક મહિલા કર્મચારીની મીલીભગત હોવાથી તેમના ઉપર એક આસિસ્ટન્ટ રજીસ્ટરને નિમણૂક કરવામાં આવી છે. કર્મચારીઓમાં સાડી કાંડને ભૂલાવા માટે સાડીનો છેદ ઉડાડી કોટી આપવામાં આવી રહી છે. રજીસ્ટ્રાર પોતાની ભૂલને સુધારવા ના બદલે કોટી આપી સાડી કાંડ ઉપર ઢાંકપીછોડો કરવાનો પ્રયત્ન કર્યો છે. ★માહિતીના યુગમાં આ કાંડ વિસરાય એમ નથી.★ પોતાની ભૂલ સ્વીકારી પોતાની પત્નીને આપેલી સાડીના નાણા જીટીયુમાં જમા કરાવી અન્ય મહિલા સ્ટાફને દર વખતની જેમ કોન્વોકેશનમાં ભારતીય સંસ્કૃતિ પરંપરાગત મુજબ સાડી આપવા પ્રયત્ન કરવા જોઈએ તેવી માંગ ઉઠી છે. કર્મચારીઓ માટે આર્થિક લાભોની સાથે વ્યાવસાયિક આચારસંહિતા લાગુ કરવાની જરૂર છે.આવનારા વર્ષોમાં જીટીયુની પ્રતિષ્ઠા જાળવવા માટે નાણાકીય વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા નિયમન જરૂરી છે.ભારતીય પ્રજાએ સંસ્થાઓના સંચાલનમાં સુશાસન અને નિષ્પક્ષતા જોવા માગે છે. જીટીયુના આ ઘટનાના પરિણામો અને સુધારાઓ શૈક્ષણિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના માર્ગદર્શક બની શકે છે.




પૂ.યોગ ભિક્ષુજી મહારાજની પ્રેરણાથી ડાકોરમાં શરૂ થયેલ રામરોટી સેવા મંડળે ૩૨ માં વર્ષમાં પ્રવેશ કરતા ગોમતીઘાટે સાધુ-સંતોનો ભંડારો તથા ડાકોર નગરના અગ્રણીઓ સંતોની ઉપસ્થિતિમાં ભવ્ય સન્માન સમારંભ મંડળના પ્રમુખ વિનોદભાઈ સુખડિયા બાપા લાલ ગોમતીઘાટ ગોટાવાળા ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે ભરત ભુવનના દ્વારકાદાસ મહારાજ રામચોકના મહંત જય રામદાસ પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થાની બહેનો નીતાબેન (ઉમરેઠ) ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં મંડળના પ્રમુખ વિનોદ સુખડિયા એ ૩૧ વર્ષ સુધીની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. કાર્યક્રમમાં અગ્રણી સંતગણ અગ્રણી કાર્યકરો તથા ડાકોરના અગ્રણી પત્રકાર નીતિન ખંભોળજા નું પત્રકારત્વ ક્ષેત્રે ૨૫ વર્ષ પૂર્ણ કરવા બદલ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. વિનોદ સુખડિયાનું સમાજસેવક તરીકે નગરની સંસ્થાઓએ સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. દશાશ્રીમાળી સુખડિયા જ્ઞાતિ પંચના પ્રમુખ રાજુભાઈ સુખડિયાએ સંતગણ તથા વિનોદભાઈ નું સન્માન કર્યું હતું. સમારંભનું સંચાલન જયનારાયણ પુરોહિત, નીલકંઠ ભટ્ટે તથા હિતેશ બી. સુખડિયાએ કર્યું હતું.

# સાવન કૃપાલ રુહાની મિશનની વડોદરા શાખા દ્વારા નિશુલ્ક આધ્યાત્મિક કાર્યશાળાનું આયોજન કરાયું

સાવન કૃપાલ રુહાની મિશન ની વડોદરા શાખા માં ઝોનલ ઈન્ચાર્જ શ્રી લલિત ભાઈ કાનોજીયા દ્વારા આધ્યાત્મિક સત્સંગ કરવામાં આવ્યું. સત્સંગ બાદ ધ્યાન અભ્યાસ ના સેશન પણ રાખવામાં આવ્યા હતા. આધ્યાત્મિક સત્સંગ માં લોકો મોટી સંખ્યા માં આવ્યા હતા અને ધ્યાન અભ્યાસ નું લાભ લીધું.આ આધ્યાત્મિક કાર્ય શાળામાં સમજાવવામાં આવ્યું કે આજકાલ આ આધુનિક યુગમાં લોકો ધ્યાન અભ્યાસ પ્રત્યે રુચિ વધે છે. જીવનના વિવિધ કાર્ય ક્ષેત્રમાં કામ કરવા વાળા ભાઈઓ અને બહેનો ભલે તે વિદ્યાર્થીઓ હોય કે કર્મચારીઓ, અધિકારીઓ હોય કે પટાવાળા, સામાન્ય લોકો હોય કે કોઈ વિશેષ હોદ્દા વાળા હોય બધા ધ્યાન અભ્યાસનું મહત્વ અનુભવ્યું છે. કે ધ્યાન દ્વારા આપણને માત્ર શારીરિક તથા માનસિક રીતે લાભ થતો નથી પરંતુ આપણે આધ્યાત્મિક રીતે પણ વધુ મજબૂત બની જઈએ છીએ. જો આપણે આપણા જીવનમાં દરરોજ ધ્યાન અભ્યાસ માટે સમય આપીએ તો તે આપણી આત્માને શક્તિ આપે છે. જીવનની દરેક પરિસ્થિતિમાં આપણે સકારાત્મક રહીએ છીએ.

આ સિવાય આપણે આપણા જીવનમાં આવતા દરેક ઉતાર ચડાવ, સુખ-દુ ખ, લાભ-હાનિ વગેરે કોઈ અસર થતી નથી કારણ કે આપણે આપણી અંદર એ અનુભવ કર્યો છે કે આ સુખ દુઃખ ફક્ત આપણા શરીર સાથે જોડાયેલા હોય છે અને પાછલા કર્મોના કારણે આવે છે. આપણો પોતાના જીવનને જોવાનો દ્રષ્ટિકોણ બદલાઈ જાય છે. જેના પરિણામ સ્વરૂપ આપણે સુખી જીવનની સાથે સાથે એક સશક્ત જીવન પસાર કરીએ છીએ અને આ દુનિયાની કોઈપણ હલચલ થી ડરતા નથી અને દરેક ક્ષણે શાંત અને સ્થિર રહીએ છીએ.ધ્યાન અભ્યાસની આ વિધિ આપણે ફક્ત સમય પૂર્ણ ગુરુના ચરણ કમળો માં જઈને શીખી શકીએ છીએ. તેમનાથી દીક્ષા લઈને ધ્યાન અભ્યાસની વિધિ દ્વારા આપણે પોતાના અંતરમાં પ્રભુની જ્યોતિ અને શ્રુતિ નો અનુભવ કરીએ આપણે આધ્યાત્મિક રૂપથી પ્રગતિ કરી શકીએ અને આપણે જોઈશું કે આના દ્વારા આપણે આપણા મનુષ્ય જીવનનો મુખ્ય ઉદ્દેશ પોતાની જાતને ઓળખવી અને પિતા પરમેશ્વર ને મેળવવા તે આ જીવનમાં પૂર્ણ કરી શકીશું. સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે વિશ્વભરમાં અનેક યાત્રા કરીને લાખો લોકોને ધ્યાન અભ્યાસની વિધિ શીખવી રહ્યા છે. જેનાથી આપણે પોતાના મનુષ્ય જીવનનો ધ્યેય પોતાની જાતને ઓળખવી અને પરમાત્મામાં લીન થવાનું છે તેને આ જ જન્મમાં પૂરું કરી શકીએ છીએ.

સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સંપૂર્ણ વિશ્વમાં ધ્યાન અભ્યાસ દ્વારા પ્રેમ, એકતા અને શાંતિનો સંદેશ પ્રસારિત કરી રહ્યા છે. જેના ફળ સ્વરૂપે તેમને વિભિન્ન દેશો દ્વારા અનેક શાંતિ પુરસ્કારો તથા સન્માન ની સાથે સાથે પાંચ ડોક્ટરેટની ઉપાધિયો થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.સાવન કૃપાલ રૂહાની મિશન ના સંપૂર્ણ વિશ્વમાં ૩૨૦૦ થી વધુ કેન્દ્ર સ્થાપિત છે તથા મિશનનું સાહિત્ય વિશ્વની ૫૫ થી વધુ ભાષાઓ માં પ્રકાશિત થઈ ચૂક્યું છે. આનું મુખ્યાલય વિજયનગર દિલ્હીમાં છે તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપરવીલે, અમેરિકામાં આવેલું છે.

## ધોળકા નગરપાલિકા દ્વારા ૭૬મા પ્રજાસત્તાક દિને

# ફ્રીડમ ડે કેર સેન્ટરના પ્રમુખ શ્રી ભાવિન પરમારને સન્માનિત કરવામાં આવ્યાં

ધોળકા નગરપાલિકા ખાતે ૭૬માપ્રજાસત્તાક દિનની ઉજવણી ધોળકા નગરપાલિકા પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણા દ્વારા રાષ્ટ્ર ધ્વજ ફરકાવી કરવામાં આવી હતી. આ નિમિત્તે ધોળકા નગરપાલિકા દ્વારા ધોળકા શહેરની પાંચ સેવાભાવી સંસ્થાનાં હોદ્દેદારોનું તેમની ઉમદા સેવાકીય પ્રવૃત્તિ બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ન્યુ વે એજ્યુકેશલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલીત ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકાનાં પ્રમુખ શ્રી ભાવિન પરમારનું



સન્માન ધોળકા નગરપાલિકા પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણા, ઉપપ્રમુખ હેતલબેન ધોળકિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિંજલબેન જોષી અને જતીનભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત શ્રેષ્ટ કામગીરી કરનાર ધોળકા નગરપાલિકાનાં ૧૧ કર્મચારીઓનું પણ સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.




ન્યુ વે એજ્યુકેશનલ ઍન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રિડમ કેર સેન્ટર ધોળકા મુકામે તા ૨૫/૦૧/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૧ કલાકે પ્રજાસતાક પર્વની ઉજવણીના ભાગરૂપે ગ્લોબલ એસોસિએશન ફોર કોર્પોરેટ સર્વિસીસ (ય્છઝ્રજી) ગુજરાત ચેપ્ટર વતી, લીડર્સ પ્રદીપ પિલ્લઈ, ગૌરવ ત્રિખા અને જોસેફ એમ્બ્રોઝ અને કુ. જ્યોતિપ્રિયા દ્વારા સંસ્થાનાં બાળકોને બાળકોને ચિત્ર સ્પર્ધા કરાવવામાં આવી તથા બાળકોને ટ્રાવેલ બેગ અને પાણીની બોટલ આપવામાં આવી. ઉપરોક્ત મહાનુભાવોનું પુષ્પ આપી સન્માન બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.સંસ્થા પ્રમુખ શ્રી ભાવિન પરમાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ના પુરાણ વિભાગના પ્રોફેસર ડો.કુંજલબહેન ત્રિવેદીજી નું ગીર સોમનાથ જિલ્લા કલેકટર શ્રી જાડેજા સાહેબ ના વરદ હસ્તે પ્રજાસત્તાક દિન ની ઉજવણી માં ઉના ખાતે જિલ્લા કક્ષા ના ધ્વજવંદન કસર્યક્રમ માં બેસ્ટ બીચ કાર્નિવલ ફેસ્ટિવલ ના સંયોજક તરીકે સન્માન પત્રક આપી સન્માન કરવામાં આવ્યુ.ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત ઉના અહેમદપુર બીચ કાર્નિવલમાં શ્રી સોમનાથ સંસ્કૃતયુનિવર્સિટી દ્વારા વૈદિક પરંપરા આધારિત ટેબ્લો અને સાંસ્કૃતિક કાર્યક્રમ તા ૨૫.૧.૨૦૨૫ ના રોજ સાંજે બીચ પર યોજાયો તે બદલ ગીર સોમનાથ જિલ્લાની શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ના સંયોજક તરીકે જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ સન્માનપત્ર તરીકે એવોર્ડ માનનીય શ્રી જિલ્લા કલેક્ટર દિગ્વિજય સિંહ જી જાડેજા અને નાયબ કલેકટર શ્રી રાજેશ આલ દ્વારા સંસ્કૃત પ્રોફેસર ડૉ .કુંજલ ત્રિવેદી ને આજ રોજ ૨૬ જાન્યુઆરી ના જિલ્લા કક્ષાના ઉના ખાતે યોજાનારા ધ્વજવંદન કાર્યક્રમમાં એનાયત થયો. આ બદલ સમગ્ર જિલ્લા વહીવટી ટીમ તથા માનનીય કલેકટર શ્રી જાડેજા સાહેબ નો તથા નાયબ કલેકટર શ્રી રાજેશ આલ સાહબ નો હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.




## નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી-ગાંધીનગર ખાતે

# ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષ સ્થાને "બ્રિક્સ - યૂથ કાઉન્સિલ એન્ટરપ્રિન્યોરશિપ પ્રિ-કન્સલ્ટેશન"નો શુભારંભ સમારોહ યોજાયો

નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી-ગાંધીનગર ખાતે આયોજિત ×બ્રિક્સ - યૂથ કાઉન્સિલ એન્ટરપ્રિન્યોરશિપ પ્રિ-કન્સલ્ટેશન×નો શુભારંભ સમારોહ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. યુવા ઉદ્યોગસાહસિકો, સંશોધકોના વિચારો-કલ્પનાઓને મૂર્તિમંત કરવા માટેનો એક મંચ પૂરો પાડવા ભારત સરકારના યુવા બાબતો અને રમત ગમત વિભાગ તેમજ ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.



આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, આજે ભારતમાં સૌથી વધુ યુવાઓ છે, ત્યારે તેમને પ્રોત્સાહિત કરવા માટે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં અનેક વિવિધ કાર્યો થઈ રહ્યા છે. અગાઉ પણ રાજ્યમાં તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે યુવાનોને વધુમાં વધુ તક મળે તે માટે અદ્યતન વ્યવસ્થાઓ ઉભી કરી હતી. આજે સમગ્ર ભારતમાં ગુજરાત ઉદ્યોગો માટે એક વિકાસ મોડલ છે, જેનો સૌથી મોટો શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે.

મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, આજે ગુજરાત દેશમાં છેલ્લા ૨૦ વર્ષમાં ૩૩ ટકા નિકાસ કરતું રાજ્ય બન્યું છે. સમગ્ર દેશમાં ૧૮ ટકાથી વધુ ઉત્પાદન માત્ર ગુજરાત રાજ્ય કરે છે. દેશના જીડીપીમાં રાજ્યનો ફાળો અંદાજે ૮.૪ ટકા જેટલો છે. જેના પરિણામે ગુજરાત સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય બન્યું છે. પ્રધાનમંત્રીશ્રીના અથાગ પ્રયત્નો થકી આપણો દેશ અર્થ વ્યવસ્થામાં વિશ્વનો ત્રીજો સૌથી મોટો દેશ બનવા તરફ પ્રયાણ કરી રહ્યો છે.

વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે ૨૧મી સદીમાં દેશના યુવાનો ટેક્નોલોજી અને ડિજિટલ યુગમાં પોતાના પગભર થઈ શકે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નો કરી રહી છે. હાલમાં અમલી સ્ટાર્ટ અપ પોલિસી થકી રાજ્યમાં અંદાજે ૧૨ હજારથી વધુ તથા સમગ્ર દેશમાં અંદાજે ૧ લાખ ૫૦ હજાર કરતાં વધુ સ્ટાર્ટ અપ કાર્યરત છે. આજે ગુજરાત યુવાઓને સ્ટાર્ટ અપ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે અગ્રણી રાજ્ય બન્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકસિત ભારતજ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે આપણું રાજ્ય પણ અમૂલ્ય ફાળો નોંધાવી રહ્યું છે. આજે દરેક ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવી રહ્યું છે, ત્યારે યુવાઓ વધુમાં વધુ રિસર્ચ કરીને દેશના વિકાસમાં પોતાનો મહત્વનો ફાળો આપે તે માટે મંત્રીશ્રીએ આહવાન કર્યું હતું.

દ્ગહ્લજીંના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસે આ પ્રસંગે યુવા ઉદ્યોગ સાહસિકોનો ઉત્સાહ વધારતા જણાવ્યું હતું કે, આગામી સમયમાં મ્ઇૈંઝ્રજી દેશોની સમિટ ભારતમાં યોજાશે. આ સમિટ દરમિયાન ભારતના યુવા ઉદ્યોગકારોમાં રહેલી ક્ષમતાને ઉજાગર કરવા માટે ભારત સરકાર દ્વારા આ પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત કેટલાક પ્રી-પ્રોગ્રામોનું આયોજન કરીને યુવાશક્તિને મ્ઇૈંઝ્રજી અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. જેમાં સાથે જોડાઈને ય્ઝ્રઝ્ર ઉદ્યમીતાને પ્રોત્સાહન આપી રહી છે. આજે દ્ગહ્લજીં ભારત સરકારની આ પહેલમાં જોડાઈને ગર્વની લાગણી અનુભવી રહી છે. આ પહેલ યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપશે. કોઈપણ ઉદ્યોગને શરુ કરીને સફળ બનાવવા માટે જરૂરી શિક્ષણ, રિસર્ચ, ઇનોવેશન અને સ્ટાર્ટઅપ અંગે તેમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ય્ઝ્રઝ્રના સ્ટ્રેટેજીક કન્સલ્ટન્ટ શ્રી પ્રાજના કુલશ્રેષ્ઠાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આજનો આ કાર્યક્રમ મ્ઇૈંઝ્રજી દેશો સામે ભારતની યુવાશક્તિના અનોખા વિચારો, સ્ટાર્ટઅપ આઈડિયા અને ઈનોવેશનને રજૂ કરવાનો એક સોનેરી અવસર પ્રદાન કરશે. ભારત સરકારની આ પહેલથી છેવાડા વિસ્તારોમાંથી પણ યુવા ઉદ્યમીઓ આગળ આવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, આજનો યુવા ભારતની ભવ્ય વિરાસત અને ભવિષ્યમાં આવનારી શક્યતાઓ વચ્ચેનો સેતુ બનશે. સાથે જ તેમણે ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલ (ય્ઝ્રઝ્ર)ની નોંધપાત્ર કામગીરી, સંસ્થાનો ઉદ્દેશ્ય અને આ કાર્યક્રમમાં ય્ઝ્રઝ્રની સહભાગિતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે ય્ઝ્રઝ્રના રીસર્ચ કન્સલ્ટન્ટ ડૉ. પરોમીતા દત્તાએ ઉપસ્થિત યુવા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓને મ્ઇૈંઝ્રજીની દેશના વિકાસમાં ભૂમિકા સમજતા "બ્રિક્સ યૂથ કાઉન્સિલ એન્ટરપ્રિન્યોરશિપ" કાર્યક્રમના મહત્વને ઉજાગર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, બ્રિકસ યૂથ કાઉન્સિલ એન્ટરપ્રિન્યોરશિપ કાર્યક્રમ ભારતના 'સસ્ટેનેબલ ફ્યુચર'નો રોડમેપ પૂરો પાડશે. જેમાં ભારતની યુવાશક્તિનું યોગદાન મહત્વપૂર્ણ પૂરવાર થશે. તેમણે મેક ઇન ઈન્ડિયા, ડિજિટલ ઇન્ડીયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા અંગે માહિતી આપતા કહ્યું હતું કે, ભારતમાં યુવા ઉદ્યમીઓ માટે સ્ટાર્ટઅપની વાઈબ્રન્ટ ઈકોસીસ્ટમનું નિર્માણ થયું છે.

સમારોહના પ્રારંભે દ્ગહ્લજીંના કેમ્પસ ડિરેક્ટર શ્રી એસ. ઓ. જુનારેએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે આ એક દિવસીય કાર્યક્રમના મહત્વપૂર્ણ ઉદ્દેશ્યો જણાવીને સમગ્ર દિવસ દરમિયાન યોજાનાર વિવિધ સત્રો, પેનલ ચર્ચા સહિતના કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી. આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લ, ય્ઝ્રઝ્રના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર શ્રી ઝફર સરેશવાલા સહિત ભારત સરકાર, ગુજરાત સરકાર, ય્ઝ્રઝ્રના અધિકારી-કર્મચારીઓ, યુવા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.